ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date : 02nd August, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

........................................................................,

ભાવનગર.

**'વિક્રમો'ના વિક્રમ, વિક્રમ સારાભાઇની ૧૦૦મી જન્મજયંતિ અંતર્ગત**

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વક્તૃત્વ, ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું આયોજન**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી સતત કાર્યરત છે.

આપણો દેશ સંસ્કૃતિ અને શોધોના દેશ તરીકે વિખ્યાત છે. આપણો દેશ ગર્વથી આજે અનેક શોધો દ્વારા પ્રગતિથી દુનિયામાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવવા તરફ આગળ ધપી રહ્યો છે. જેની પાછળ અનેક મહાન વૈજ્ઞાનિકોનો ફાળો છે. દુનિયામાં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે આપણા દેશને અગ્રસ્થાન અપાવનાર ૧૨ ઓગસ્ટ,૧૯૧૯ને અમદાવાદમાં જન્મેલા એક ગુજરાતી વૈજ્ઞાનિક એટલે ડૉ. વિક્રમભાઈ સારાભાઇ. આ ગુજરાતી વૈજ્ઞાનિક કે જેમને ઈસરો સંસ્થા સ્થાપીને દુનિયાભરમાં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે ભારત દેશના નામનો સફળતાનો ડંકો વગાડ્યો છે.

આ મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની ૧૦૦મી જન્મજયંતિ અંતર્ગત **ISRO**ની યશગાથા ઘર ઘર સુધી પહોચાડવાના હેતુ સર કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન <u>તા. ૧૧ ઓગસ્ટ,૨૦૦૧૯ ને રવિવારનાં</u> રોજ કરવામાં આવનાર છે.

| | |
|---|---|
| વિષય | **અવકાશ વિજ્ઞાનના પ્રણેતા ડૉ. વિક્રમ સારાભાઈ અને ઈસરોની હરણ ફાળ** |
| ચિત્ર સ્પર્ધા | **Grpou -A :** ૪ થી ૧૦ વર્ષ, **Group-B :** ૧૧ થી ૧૭ વર્ષ, અને **Group-C** ૧૮ થી ઉપરના તમામ |
| વક્તૃત્વ સ્પર્ધા | **Grpou -A :** ૧૦ થી ૧૮ વર્ષ, **Group-B :** ૧૯ વર્ષ થી વધારે |
| નિબંધ સ્પર્ધા | **Grpou -A :** ૧૦ થી ૧૮ વર્ષ, **Group-B :** ૧૯ વર્ષ થી વધારે |

રસ ધરાવતા લોકોએ <u>તા: ૦૮ ઓગસ્ટ, ૨૦૧૯ને ગુરુવારના સાંજના ૬:૦૦ કલાક</u> સુધીમાં વેબસાઈટ **http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=88** પર પોતાના નામની નોંધણી કરાવી લેવા અનુરોધ. વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : **8866570111** પર સંપર્ક કરી શકાશે.

2-8-19
1 pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.